॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે ● સળંગ અંક ૪૫૦ ● મે-જૂન ૨૦૨૩   રૂા. ૫-૦૦/-



પ્રસાદી મંદિર ભુજ



વૈશાખ સુદ -૩ થી એક મહિના સુધી ચાલનારા ચંદનના વાઘા અને ફૂલના વાઘામાં શ્રીઠાકોરજીના દર્શન.



૧૫૦ વરસ પહેલાંથી ભુજ મંદિરમાં થતી આવતી ખાસ સંતો માટે ધર્મામૃતની કથામાં ઉપસ્થિત સંતો -ભુજ



ભુજ મંદિરે શ્રીનરનારાયણદેવના દર્શનાર્થે પધારેલ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલને આવકારતા ઉપમહંત સ્વામી તથા કોઠારી જાદવજી ભગત તથા ભુજનું ટ્રસ્ટી મંડળ-ભુજ.






ભુજ મંદિર દ્વારા સ્વયંસેવી સંસ્થાઓ, કચ્છના સ્વામિનારાયણ મંદિરો તેમજ ભુજ જનરલ હોસ્પિટલ
સહિત અનેક હોસ્પિટલોમાં વ્હીલચેર અર્પણ કરાઇ. જેમાં આર્થિક સહયોગ
પ.ભ. વિશ્રામભાઇ લાલજી પિંડોરીયા પરિવાર –માધાપર પર્થ ઓસ્ટ્રેલિયા.













સદ્. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીનું મંડળ – માંડવી, સદ્. સ્વામી કેશવજીવનદાસજીનું મંડળ – અંજાર,
સદ્. સ્વામી બાલકૃષ્ણદાસજીનું મંડળ – વિલે પાર્લે મુંબઈ, સદ્. સ્વામી દેવપ્રકાશદાસજીનું મંડળ – પ્રસાદી મંદિર–ભુજમાં
સેવામાં રહેશે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

॥ यावज्जीवं च शुश्रूषा कार्या ॥

॥ मानव सेवा प्रभु सेवा ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ-૧૭, કુલ્લ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૩ ● અંક-૫ ● મે-જૂન - ૨૦૨૩
વર્ષ-૪૦ ● સળંગ અંક - ૪૫૦

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજશ્રીના શુભાશીર્વાદથી

-:: સંસ્થાપક ::-
અ.નિ.સ.ગુ.પુ.મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

-:: માલિક ::-
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

-:: તંત્રી ::-
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

-:: સહતંત્રી ::-
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી ● સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

-:: લવાજમ ::-
દેશમાં :- આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-
વિદેશમાં :- આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા.૧૦૦૧/-

-:: પ્રકાશક અને મુદ્રક ::-
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ વતી
શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રીસિદ્ધ કર્યું



**પત્ર વ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ, ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧
મો. ૭૫૬૭૬ ૦૪૦૦૦

E-mail : sandesh@swaminarayan.faith
E-mail : info@swaminarayan.faith
Website : www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ


| | | |
|---|---|---|
| ૦૧ | તંત્રીની કલમે... | ૦૪ |
| ૦૨ | શિક્ષાપત્રી શ્લોક - ૭૫ | ૦૫ |
| | સત્સંગ સમાચાર - દેશ | ૦૭ |
| ૦૩. | હરિપર - મંદિર ખાતમુહૂર્ત | ૦૭ |
| ૦૪. | ભુજ પ્રસાદી મંદિર વાર્ષિક પાટોત્સવ | ૦૭ |
| ૦૫. | માધાપર મંદિરનો ૧૨૫ મો વાર્ષિક પાટોત્સવ | ૧૦ |
| ૦૬. | સરલી મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ | ૧૪ |
| ૦૭. | સેલારી ગામે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ | ૧૬ |
| ૮. | વાડાસર ગામે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ | ૧૭ |
| ૯. | આડેસર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ | ૨૦ |
| ૧૦. | શીવગઢ(વાગડ) નૂતન મંદિરનું ખાતમુહૂર્ત | ૨૩ |
| ૧૧. | માંડવી શ્રીસ્વામિનારાયણ મંદિરમાં ૨૦૨૩ માં થયેલી સત્સંગની કથા પ્રવૃત્તિઓ | ૨૪ |

# તંત્રીની કલમે...

સર્વાવતારિ ભગવાન શ્રીસ્વામિનારાયણે પ્રવર્તાવેલ ઉપાસના પરંપરાને આગળ વધારતાં આ મહિને ભુજ મંદિર હસ્તક કચ્છ સત્સંગમાં ૭ નવાં મંદિરોનાં નિર્માણ થયાં.

મંદિરોના માધ્યમથી ભારતીય સંસ્કૃતિના સંસ્કારો સાથે સાંપ્રદાયિક પરંપરા જળવાય છે. શ્રીસ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત'માં કહેલ મુજબ 'ત્યાગનો પક્ષ મોળો પાડીને મંદિરો બનાવ્યા છે.' જેનાથી ભગવાનની ઉપાસના રહી શકે.

મંદિરો હોય તો મુમુક્ષુ ભક્તિ કરી શકે, મંદિરમાં જઈ સાંજ સવાર થતી કથાવાર્તા શ્રવણ કરી શકે, સંત સમાગમ દ્વારા ભક્તિની પુષ્ટિ કરી શકે, બહેનોના મંદિરોમાં બહેનો મુમુક્ષુ, સાંખ્યયોગી બહેનો સાથે સત્સંગ કરે. પરુષોના મંદિરમાં પુરુષો મુમુક્ષુઓ સંત સમાગમ કરી આત્મશ્રેય તરફ આગળ વધી શકે.

મંદિરોના નવનિર્માણ થકી સત્સંગી ભાઈ-બહેનો મંદિરમાં એકત્ર થાય. પરસ્પર સંપર્ક વધે આત્મીયતા વધે એ હેતુથી નવા મંદિરોનું નિર્માણ ભક્તિને દૃઢ કરવા માટે અત્યંત આવશ્યક છે. સ્વયં ભગવાન શ્રીસ્વામિનારાયણની આજ્ઞાથી ભુજ મંદિર અને વડિલ સંતો નવાં મંદિરોનાં નિર્માણ માટે કટિબદ્ધ છે. એ દિશામાં શ્રીહરિની ઈચ્છાથી સંતોનાં આશીષથી હરિભક્તોના સહયોગથી નૂતન મંદિરોનાં નિર્માણ થતાં રહે છે. આ પ્રકારે જે મંદિરોનું હાલે નિર્માણ થયું છે એનો વિસ્તૃત અહેવાલ આ અંકમાં છે.

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભગવાનની ભક્તિ કરવાનું આપ સૌને બળ મળે એવી શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

જય શ્રીસ્વામિનારાયણ.

## આવતું ધર્મસંદેશ ઉત્સવ વિશેષાંક હશે.

શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ -ભુજમાં ધામધૂમથી ઉત્સાહભેર અનેક વિક્રમોની રચનાઓ સાથે ઉજવાયો. એમની વસ્તૃત માહિતી અને ફોટા સાથે ફોર કલરમાં છપાશે. આપ આજીવન ગ્રાહક હશો તો આપના સુધી અવશ્ય પહોંચશે.

આપ ગ્રાહક ન થયા હો તો આજીવન ગ્રાહક-લવાજમ રૂપિયા-૫૦૧ દેશમાં તથા રૂપિયા ૬૦૦૧ વિદેશમાં લવાજમ ભરી આપ અંક મેળવી શકો છો.

**સંપર્ક નં. મો. ૭૫૬૭૬ ૦૪૦૦૦**

# શિક્ષાપત્રી શ્લોક - ૭૫

હિંમતભાઈ ઠક્કર - ભુજ

ગુહ્યવાર્તા તુ કસ્યાપિ પ્રકાશ્યા નૈવ કુત્રચિત્ ।
સમદૃષ્ટ્યા ન કાર્યશ્ચ યથાર્હાર્ચાવ્યતિક્રમ ॥



મારા આશ્રિત હોય તેમણે, કોઈની પણ ગુપ્ત વાત કોઈ જગ્યાએ પ્રગટ કરવી નહિં. અને જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય, તેનું તેવી રીતે સન્માન કરવું પણ સમદૃષ્ટિએ કરીને મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ.

“શતાનંદ સ્વામીની વ્યાખ્યાધારે શિક્ષાપત્રીમાં
ગરકાવ થઈએ,
સમદૃષ્ટિને કહી એ ન ઉલ્લંઘીએ
તોજ સત્સંગી સાચા બનીએ”

શતાનંદ સ્વામી બોધ આપે છે કે, કોઈપણ પુરુષ હોય કે સ્ત્રી કોઈની પણ ગુપ્ત વાર્તા કોઈની સમીપે જાહેર કરવી નહિ. કોઈની ગોપનીય વાર્તા કોઈની સમીપે જાહેર કરવી નહિ કેમકે તેમ કરવાથી તેને આત્મઘાત કરવાનો પણ પ્રસંગ આવે છે. અને વળી કોઈની ગુપ્ત બાબત જાહેર કરી નાખવાથી ઘણી વખત આ લોકમાં વ્યાપાર-ધંધામાં પણ મોટું નુકશાન થતું હોય છે.

યાજ્ઞવલ્કય ઋષિએ કહ્યું છે કે, ન કિંચિત્ મર્માણિ સ્પૃશેત્ ।ઈતિ। કોઈના પણ મર્મ સ્થળમાં સ્પર્શ કરવો નહિ. અર્થાત કોઈનું ખાનગી વૃતાંત પ્રગટ કરવું નહિ.

અને વળી સર્વત્ર એકજ બ્રહ્મ છે, તેમાં કોણ મોટો કોણ નાનો, આપણા માટે તો બધાય સરખા. આ રીતે સમદૃષ્ટિથી યથાયોગ્ય પૂજા મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. જે જીવનો જે રીતે પૂજા સત્કાર કરવો ઘટતો હોય, તે રીતે તે જીવનો પૂજા સત્કાર કરવો. આદરણીય વડીલ અને પૂજનીય વ્યક્તિ હોય તેની પૂજા કરવી, આદર આપવો. અને જેનામાં વિશેષ સદ્‌ગુણો દેખાય તેને વિશેષ આદર આપવો. જેનામાં ઓછા સદ્‌ગુણો દેખાય તેને ઓછો આદર આપવો. સદાચારી હોય તેને વિશેષ આદર આપવો. દુરાચારી હોય તેને ઓછો આદર આપવો. અને જો સાદાચારી અને દુરાચારી વિષે, અને ભક્ત અને અભક્ત વિષે સમાન આદર રાખે, સમાન પૂજા સત્કાર કરે, તો સત્ અને અસત્‌નો જે વિવેક છે, તે નાશ પામી જાય છે. અને આગળ જે મોટા મોટા ભક્તો થઈ ગયા છે, એમણે પણ ભગવાન અને ભગવાનના ભક્તોનો જ પક્ષ રાખેલ છે. વિમુખનો કોઈએ પણ પક્ષ રાખ્યો નથી. અને આ પૃથ્વી ઉપર જેટલા અવતારો થયા એમણે પણ ભક્તોની રક્ષા કરી છે. અને અસુરોનો નાશ કર્યો છે. માટે જેની જેટલી લાયકાત તેને તેટલો આદર આપવો, પણ સમદૃષ્ટિથી મર્યાદાનો ભંગ કરવો નહિ.

“સર્વે જીવોમાં પ્રભુ નિહાળો,
પ્રત્યક્ષ સન્માન દેખીને આપો.
ઊંચનીચના ભેદભાવ ભૂલવાવો,
ને સમદૃષ્ટિને પ્રેમે અપનાવો.”

અને શાસ્ત્રોમાં સમદૃષ્ટિ બતાવેલી છે. આ સમદૃષ્ટિ તો એ જગ્યાએ રાખવી કે ઊંચનીચ બધાય પ્રાણીઓની અંદર અંતર્યામિપણે સાક્ષાત ભગવાન બિરાજમાન છે જ. એમ માનીને બધાય પ્રાણીઓને

બ્રહ્માત્મભાવથી નમસ્કાર કરવા. એ નમસ્કાર પરમાત્માને જ પ્રાપ્ત થાય છે. અને જેમ મને દુઃખ લાગે છે તેમ બીજાને પણ દુઃખ લાગતું હશે આવા ભાવથી કોઈ ઊંચનીચ પ્રાણીઓને દુઃખ આપવું નહિ. આવી રીતે બધા પ્રાણીઓને આત્મવત્ માનીને દુઃખ નહિ આપવાની બાબતમાં સમદૃષ્ટિ રાખવી. પણ સદાચારી અને દુરાચારીના વિષયમાં તો જેને જેટલું યોગ્ય હોય તેને તેટલું જ સન્માન કરવું કે આદર આપવો. પણ મને તો બધા સરખા એમ માનીને પૂજા મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. આવો અભિપ્રાય છે.

"હંસ બની સદ્‌ગુણી દુર્ગુણીના ભેદ પાડો, સદ્‌ગુણીને સત્કાર શોભે દુર્ગુણીને તમથી દૂર રાખો."

સંતો પ્રબોધે છે કે માનસરોવરનો હંસ નીર-ક્ષીરને જૂદા પાડી નીર છોડી ક્ષીર પી લે તેટલો સક્ષમ હોય છે. અને તે જ ખરો ઊજળો હિમાચ્છાદિત સફેદી વાળો અસલ હંસ કહેવાય છે. આમ તો ધ્યાન ધરી બેઠેલા બગલા પણ તેના જેવા સફેદ દેખાય તો છે, પરંતુ તેમનું એક પગી ધ્યાન માછલાંઓને ભ્રમમાં નાખી, ઓહિયાં કરવા માત્રનો ઢોંગ જ છે. તેથી સ્વામિનારાયણના સાચા ભક્તો તેમના વર્તમાન જન્મમાં જ શાસ્ત્રાજ્ઞાઓ, સદ્‌ગુરુ કૃપા અને તેમના સતત ધર્માચરણ દ્વારા અસલ શુભવર્ણ હંસની જેમ જ સાંસારિક માયાવી વર્તનના જૂઠાણાં અને અધર્માચરણને તેમની તીક્ષ્ણ બુદ્ધિથી જુદાં પાડી તેમજ રોજિંદા જીવનને હળુહળુપણે અને સતત કાર્યશીલ રાખી સદ્‌ગુણોનો સત્કાર અને દુર્ગુણીથી દૂર રહી પોતાના સંપ્રદાયના એક સત્સંગીને, મંદિર, શાસ્ત્રો, સદ્‌ગુરુ અને સંપ્રદાય પ્રત્યેની શિષ્ટતાઓને જીવનમાં ઝળહળતી રાખવી જરૂરી છે.

શ્રીસહજાનંદ સ્વામી મહારાજ દ્વારા રચિત "શિક્ષાપત્રી" સંપ્રદાયની શાસ્ત્રોક્ત 'પોકેટ બૂક' છે અને 'વચનામૃત' હરિભક્તો માટે 'રેકી સ્કેનર' છે. તેમના સતત સંપર્ક અને શ્રદ્ધા-વિશ્વાસ પર આધારિત માર્ગદર્શન હરિભક્તને કર્માધિન લાચાર જીવથી ભગવાન તરફ, મંદિર, સંધ્યા આરતી, કથા શ્રવણ દ્વારા આ જન્મે જ એકાંતિક ભક્ત બનાવી સાંસારિક પ્રબળ માયાવી પ્રલોભનોથી મુક્ત થવા સક્ષમ પણ બનાવી તેને મોક્ષ મુકામે પહોંચાડવાના માર્ગે દોરી જ જાય છે.

"ઘર, ફળિયું, બજાર ને મંદિર સૌ સૌનું વિભિન્ન મહત્ત્વ છે.
હરિભક્ત તો જોખી-તોલી સાંસારિક,
શતરંજની 'ચેક'ને 'માત' દેવાની છે. "

આપણાં સૌના જીવનની કાંઈ કેટલીય માનસિક, શારીરિક, આર્થિક કે સામાજિક ગુપ્ત વાતોના કાંઈ જ્યાં ત્યાં ને જેની તેની પાસે 'પતંગ' તો ના ઉડાળાય ને...! ને જો કોઈ વાર ભૂલેચૂકે કે મુર્ખતાવશ પતંગ ચગી જાય તો તેને ઢીલ આપી કે ફટાફટ સેતરીને ખેંચો, ગુલાંટ ખવડાવો અને જો કમનસીબે તે કપાઈ જ જાય તો તો પછી પતંગ ભેળી દોરી પણ જાય ને પતંગ ઝોલાં ખાતો ખાતો કોઈ ઝાડની ડાળીએ કે વીજળીના તાર પર અટકી પડે...ને કાં તો એ જાય....એ જાય...પકડો...પકડો...ના હલ્લાગુલ્લામાં પકડાઈને ફાટીને ચૂંથાઈ જ જાય. માટે સત્સંગીએ સાવધાન બની પોતાની ગુપ્તવાત કોઈ અન્યને કરવી નહિ. નહિં તો હલ્લાગુલ્લામાં ગુપ્તવાતના ચીંથડાં થઈ વેરવિખેર થઈ જાય માટે સ્વ અને અન્યના નુકસાનથી સાવધાન થવાનું આપણને સહજાનંદ સ્વામી મહારાજ બોધ આપે છે.

"બ્રહ્મને પરબ્રહ્મની ખોખલી વાતોથી,
હરિભક્તનું જીવન સુગંધાય ?
ભાવાત્મક બ્રહ્મજ્ઞાન વાળા ભક્તનું,
જીવન જ બ્રહ્મત્ત્વથી પમરાય..."

## અભિનંદન

શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ)ના સંત સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી (ગુરુ સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી)એ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટીમાંથી સંસ્કૃતમાં દર્શનમ્ વિભાગમાં શ્રી સત્સંગિજીવનગ્રંથોપરિ ધર્મશાસ્ત્રસ્ય પ્રભાવઃ એકમધ્યયનમ્ । આ વિષય ઉપર 'વિદ્યાવારિધિ' (Doctor of Philosophy)Phd ની ઉપાધી પ્રાપ્ત કરી છે. ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ સંસ્થા વતી તેઓશ્રીને અભિનંદન સાથે આશીર્વાદ પાઠવ્યા છે કે, સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી શ્રીનરનારાયણદેવ તથા કચ્છ સત્સંગની સેવા કરી ભગવાન શ્રી સ્વામિનારાયણનો અખંડ રાજીપો પ્રાપ્ત કરતા રહે.

## હરિપર - મંદિર ખાતમુહૂર્ત

પૂર્વ જન્મની શ્રીજીમહારાજની પૂર્ણ ભક્તિથી ભગવાન સ્વામિનારાયણનાં દર્શનનો પૂણ્યલાભ મળતો હોય છે. એવા સંત વચનોથી હરિપર(ભુજ) મધ્યે મૂળ મંદિરનું નિર્માણ સંવત્ ૨૦૩૧, વૈશાખ સુદ-૮ મંગળવાર તા.૧૦-૫-૧૯૭૫ નાં શુભ દિને થયેલ છે. ત્યારબાદ તા.૧૧-૫-૨૦૨૩ નાં શુભ દિને સ્વામિનારાયણ મંદિરનું નવનિર્મિત મંદિરનું ખાતમુહૂર્ત ભુજ મંદિરના ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી તથા સદ્‌ગુરુ પુ.સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ પુ. સ્વામી હરિબળદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તેમજ અન્ય ભક્તિમય, તપોનિષ્ઠ, જ્ઞાની, તપસ્વી, પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ સંતોનાં ચૈતસિક ઉર્જા સહ દિવ્ય વાતાવરણમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ મંદિરને ૫૦ વર્ષ શીઘ્ર પૂર્ણ થવામાં છે. તા.૧૦-૫-૨૦૨૩ની સાંજે ૮-૩૦ વાગ્યે મંદિરની બાંધકામ માટે સેવા સ્વીકારવાનું આયોજન રાખેલ હતું. જેમાં હરિપુર ગામના સર્વે હરિભક્તોએ ઉદારદિલે શ્રીહરિનાં મંદિરને ભવ્યાતિભવ્ય બનાવવા તન-મન-ધનથી સેવા નોંધાવી હતી. અને નવનિર્માણ પામી રહેલાં મંદિરનાં પૂણ્યકર્મમાં હોંશભેર ભાગ લીધો હતો.

હરજીભાઈ વેકરીયા








## ભુજ પ્રસાદી મંદિર વાર્ષિક પાટોત્સવ

ભુજ પ્રસાદી મંદિરે બિરાજમાન હનુમાનજી, ગણપતિજી તેમજ નીલકંઠ મહાદેવને ૨૦૦ વર્ષ થતાં ત્રિદેવોના મંદિરનું મકરાણાના માર્બલ દ્વારા નવીનીકરણ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ દ્વિશતાબ્દી મહોત્સ અંતર્ગત ભૂદેવો દ્વારા અનુષ્ઠાન કરવામાં આવ્યું હતું. લઘુરુદ્રી, ગણેશ યજ્ઞ, મારૂતિ યજ્ઞનું આયોજન ભૂદેવો દ્વારા વેદોક્ત એવં પુરાણોક્ત મંત્રો દ્વારા યજ્ઞ કરવામાં આવ્યો હતો.

તા.૬-૫-૨૦૨૩ થી તા.૧૦-૫-૨૦૨૩ દરમિયાન પ્રસાદી મંદિરમાં બિરાજમાન ઘનશ્યામ મહારાજનો ૧૩મો વાર્ષિક પાટોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. જેમાં તા.૫-૫-૨૦૨૩ ના રોજ પ્રસાદીની ફૂલવાડીથી વાજતે ગાજતે પોથીયાત્રાનો પ્રારંભ થયો હતો અને પ્રસાદી મંદિરમાં પોથીઓનું સ્થાપન થયુ હતું. તા.૬-૫-૨૦૨૩ ના રોજ કથાનો પ્રારંભ થયો હતો. કથાના પ્રથમ દિવસે











બપોર પછી શ્રીનરનારાયણદેવ ભગવાનનું ધામધૂમથી પૂજન કરવામાં આવ્યું હતું. બીજે દિવસે શ્રીઠાકોરજીને ચંદનથી અભિષેક કરવામાં આવ્યો હતો. ત્રીજે દિવસે સંતોને પરંપરામાં મળેલા દિવ્ય દુર્લભ ચરણારવિંદનું પૂજન કરવામાં આવ્યું હતું. ચોથા દિવસે વિવિધ ફળોના જ્યુસથી ભગવાનનો અભિષેક કરવામાં આવ્યો હતો. અંતિમ દિવસે પાટોત્સવ હોવાથી ઘનશ્યામ મહારાજનો પંચામૃતથી મહાભિષેક કરવામાં આવ્યો હતો. અને તેજ દિવસે બપોર પછી ભગવાનની રાજોપચારથી વિશેષ પૂજા કરવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યો હતો.

અહેવાલ - કોઠારી સ્વામી ભક્તિપ્રકાશદાસજી







## ભુજ પ્રસાદી મંદિર







# માધાપરમા સપાદ્ શતાબ્દી મહોત્સવ ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના મહંત સ્વામીની આજ્ઞા અનો આશીર્વાદથી સ.ગુ.સ્વામી બાલકૃષ્ણદાસજીની અધ્યક્ષતામાં મંદિરને ૧૨૫ વર્ષ પૂર્ણ થતાં શ્રીસ્વામિનારાયણ સપાદ્ શતાબ્દી મહોત્સવ સાત દિવસની શ્રીમત્ સત્સંગિજીવન પારાયણ અને ૩ દિવસીય શ્રીહરિયાગના આયોજન સાથે ધામધૂમથી નિર્વિઘ્નપણે સંપન્ન થયો.

તા.૧૩ થી ૧૫ મે ૨૦૨૩ દરમિયાન પંચકુંડીય શ્રીહરિયાગનું અનોખું આયોજન કરવામાં આવેલ. ઉમરેઠ અને માધાપરના ભૂદેવોએ શાસ્ત્રીય વિધિવિધાન પૂર્વક હવન કરાવ્યો હતો. સદ્ગુરુ ઉપમહંત સ્વામી, સદ્ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી સદ્ગુરુ સ્વામી હરિબળદાસજીની ઉપસ્થિતિમાં 'અરણીમંથન' કરવામાં આવ્યું હતું. અને ૧૫ તારીખે યજમાનો સાથે સંતો દ્વારા શ્રીફળ હોમી યજ્ઞ સમાપ્ત કરવામાં આવ્યો હતો.

મહોત્સવના ઉપલક્ષમાં તા.૧૪-૫-૨૦૨૩ ના નેત્રયજ્ઞનું આયોજન રાખવામાં આવેલ. જેમાં ૨૦૦ થી વધુ દર્દીઓએ પોતાની આંખ બતાવી હતી અને ૧૨૫ થી વધુ દર્દીઓના ઓપરેશનો પણ કરવામાં આવ્યાં હતાં. તા. ૧૫ ના બપોર પછી મંદિરેથી ભવ્ય પોથીઓનું પૂજન કરીને વાજતે ગાજતે પોથીયાત્રા સભામંડપમાં પહોંચી હતી. તા.૧૬ ના સવારે ૮-૩૦ કલાકે મહોત્સવ દીપ પ્રાગટ્ય કરી પ્રારંભ કરવામાં આવ્યો હતો. યજમાનો દ્વારા ગણેશ સ્થાપન, વ્યાસ પૂજન, પોથી પૂજન બાદ ડો.સ્વામી અક્ષરમુનિ દાસજીએ સંગીતના સથવારે કથા સંભળાવી હતી. બપોર પછી શ્રીનરનારાયણદેવ પ્રાગટ્ય ઉત્સવ ઉજવાયો હતો. રાત્રે મહિલામંચનું આયોજન રાખવામાં આવેલ હતું. જેમાં સાંખ્યયોગી બહેનોના માર્ગદર્શન મુજબ માધાપરની બાલિકાઓ તથા યુવતીઓએ હોંશથી ભાગ લીધો હતો. તા.૧૭ ના રોજ વક્તા પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ કથા સંભળાવી હતી. બંને વક્તાઓએ વારાફરતી કથા સંભળાવી હતી. બપોર પછી શ્રીઘનશ્યામ જન્મોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. રાત્રે દ્વારિકાવાળા જીતુભાઈ તથા રસીક મારાજ હાસ્યરસ સાથે જ્ઞાન પીરસ્યું હતું. તા.૧૮ ના રાજાધિરાજ ઉત્સવ ઉજવાયો હતો અને રાત્રે માનકુવા ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ ઉજવાયો હતો. તા.૧૯ ના રાત્રે નિલેશ ગઢવી, ઋષભ આહિર અને પિયુષ મારાજે સંગીત સંધ્યા પ્રસ્તુત કરી હતી. ૨૦ તારીખે સભામાં મહાઆરતી કરવામાં આવી હતી. તા. ૨૧ ના રોજ પાટોત્સવનો દિવસ હોવાથી સવારે મંદિરમાં ઠાકોરજીનો પંચામૃત અભિષેક કરવામાં આવ્યો હતો. તથા બહેનોના મંદિરમાં અને પુરુષોના મંદિરમાં અન્નકૂટ સાથે પાટોત્સવની આરતી કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ ૨૪ ગામના ભક્તો પોતાના ગામની વાજીંત્ર મંડળી સાથે પધાર્યા હતા અને માધાપરની સરસ્વતી સ્કૂલમાંથી નગરયાત્રા નીકળી ગામમાં ફરી સભામાં વિરામ લીધો હતો. આવેલ સૌ ભક્તોને મહંત સ્વામીએ રૂડા










## શ્રીસ્વામિનારાયણ સપાદ્ શતાબ્દી મહોત્સવની તસ્વીરી ઝલક









આશીર્વાદ પાઠવ્યા હતા. અને બપોર પછી રાજોપચારથી મંદિરમાં ઠાકોરજીની પૂજા થઈ હતી. અને રાત્રે મહારાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૨ ના આ પ્રસંગની સમાપ્તિ થઈ હતી.

ઉત્સવ દરમિયાન અનેકવિધ આયોજનો જેવા કે આખા ગામને ૩ દિવસ સઘરી આમંત્રણ, કથામાં આવનારને રોજ મહાપ્રસાદ પીરસાયો હતો. દશ દિવસ ગામની ગાયોને એક ટાઈમ અને પાંજરોપોળની ગાયોને બંને ટાઈમ લીલોચારો નીરવવામાં આવતો. સભામાં આવનાર હરિભક્તો માટે તરબૂચ અને શેરડીના રસની વ્યવસ્થા ગોઠવાઈ હતી. તા.૧૮ ના રક્તદાનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં ૨૦૧ બોટલ યુવાનો, બહેનો, સંતો, સાંખ્યયોગી બહેનોએ રક્તદાન કર્યું હતું. ઉત્સવ દરમિયાન મહંત સ્વામીની આજ્ઞા અને સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીની પ્રેરણાથી લેવા પટેલ હોસ્પિટલ ભુજમાં ૪ ડાયાલિસીસ મશીનો અર્પણ કરાયા હતા. તેમજ સીરક્રીક બોર્ડર ઉપર સૈનિકો માટે ૨૫ સોલાર ઓટો લાઈટ તથા ૨ એ.સી. સેટ અર્પણ કરાયા હતા. તેમજ વાગડ વેલફેર હોસ્પિટલ ભચાઉમાં પણ ૧ ડાયાલિસીસ મશીન અર્પણ કરાયું હતું. આ પ્રસંગે ભુજ મંદિર દ્વારા ચાલતી મેડિકલ સેવામાં ૧ ફોરવ્હીલ ગાડી ફરતા દવાખાના માટે પિંડોરીયા પરિવારે જાહેર કરી હતી. અને ૧ વર્ષ માટે દવા આપવાની પણ જાહેરાત કરાઈ હતી. ભુજ મંદિર દ્વારા દાતાઓના સહયોગથી માધાપરની અલગ અલગ સંસ્થાઓને વ્હીલચેર અર્પણ કરાઈ હતી. તેમજ કચ્છની ૫૦ હજાર ગાયોને મોવારની રસી ભુજ મંદિરથી આપવાની હોઈ એ સેવામાં ગોપાલ ઈન્વેસ્ટમેન્ટ પ્રાઈવેટ (પ્રોપર્ટી) લિમિટેડ. પ.ભ.અ.નિ.પિતાશ્રી લાલજીભાઈ ગોપાલ પિંડોરીયા, અ.નિ.ધ.પ.અમરબાઈ હસ્તે-વિશ્રામભાઈ લાલજી પિંડોરીયા, ધ.પ.રાધાબાઈ, પુત્ર કાન્તીલાલ, ધ.પ.પુષ્પાબેન, પુત્ર વિજયભાઈ, ધ.પ.શર્મીલાબેન, પુત્ર સુરેશભાઈ,ધ.પ.પ્રિતીબેન, જમાઈ મુકેશભાઈ, ધ.પ.કસ્તુરબેન સહપરિવાર આ પરિવાર તેમ અન્ય હરિભક્તોએ પોતાની સેવા નોંધાવી ગાય, ગરીબ, સંતો અને મહારાજનો રાજીપો મેળવ્યો હતો.

આ પ્રસંગે ભુજથી દરરોજ સંતો પધારતા સાથે

માંડવી, અંજાર, પ્રસાદી મંદિર તેમજ ભુજ મંદિર સંચાલિક શૈક્ષણિક સંસ્થાઓમાંથી સંતો પધાર્યા હતા. ઉત્સવ તરફથી ભુજ, માંડવી, અંજાર, પ્રસાદી મંદિર અને ગુરુકુળોને ભેટ-રસોઈ અપાઈ હતી. ગાયો માટે આવેલ દાનની રકમ ગામ સિવાય જ્યાં જરૂર પડશે ત્યાં ચારો નખાશે આવી જાહેરાત મંદિરના કાર્યકર્તાઓએ કરી હતી.

આ પ્રસંગે રાજકીય મહેમાનો, માધાપરની દરેક સમાજના અગ્રણીઓ, ઠાકર મંદિર, રાધાકૃષ્ણ મંદિર વગેરેના પ્રતિનિધિઓને આવકાર્યા હતા. તેમજ દેશની સેવા કરતા સૈનિકો તથા પૂર્વ સૈનિકોને આહુત કરી નવાજ્યા હતા. પધારેલ સંતોએ આ પ્રસંગમાં ઉપસ્થિત હજારો હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. અને પધારેલ ૨૪ ગામના સાંખ્યયોગી બહેનો ૧૨૦ સંહિતા વાંચન કરી ઉત્સવમાં શોભા વધારી હતી. અને ગામના ભક્તો રાજી થયા હતા. સંતોને ધોતિયાં અને સાંખ્યયોગી બહેનોને સાડલા અર્પણ કરવામાં આવ્યા હતા. ભુજ મહિલા મંદિરના મહંત સામબાઈ ફઈ પધારી દરેક બહેનો ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ ઉત્સવમાં મુખ્ય યજમાન સાં.યો.મહંત અ.નિ. માનબાઈ, સાં.યો. અ.નિ.રામબાઈ, સાં.યો.પુરબાઈ અને હાલના મહંત સાં.યો. રતનબાઈ, સાં.યો.રસીલાબાઈ તેમજ અ.નિ.રાધાબેન રૂડા શીવજી દબાસીયા અને હસ્તે-કાન્તાબેન ઝીણાભાઈ ગાંગજી દબાસીયા, અ.નિ.રાધાબેન ગાંગજી દબાસીયા, પુત્ર કિરણ, પ્રવિણ, પુત્રી પ્રેમિલા, પુત્રવધુ નેહાબેન, જમાઈ વિપુલભાઈ, પૌત્રી દેવાંશી, યશ્વી, પૌત્ર ભવ્ય, દોહિત્ર માધવ, દોહિત્રી ક્રીશા તથા ભાઈઓ દેવજીભાઈ, સામજીભાઈ, ગોપાલભાઈ, કિશોરભાઈ, જગદીશભાઈ અને બહેનો પ્રેમિલાબેન, રતનબેન, અમરબેન, ભાનુબેન સહપરિવાર રહ્યો હતો. તથા સહ યજમાન શ્રીહરિ ગ્રુપ રહ્યું હતું. આ ઉત્સવમાં ૧૦ હજારથી ૧૦ લાખ ઉપર જેમની જે જે સેવા હતી તે દરેક યજમાન દાતાઓને પ્રસન્નતાની પહેરામણી કરવામાં આવી હતી. અને છેલ્લે ૨૨ તારીખે જેટલા સ્વયં સેવકો હતા એ દરેકને પહેરામણી કરવામાં આવી હતી.

છેલ્લા ૪૨ વર્ષથી મંદિરના પ્રમુખપદે રહી સેવા કરતા પ.ભ.શ્રીરવજીભાઈ માવજી ભુડિયાએ ટ્રસ્ટી મંડળ તથા ઉત્સવ સમિતીના કાર્યકરોની મહેતનને વખાણી હતી. અને ધાર્યો નહોતો એવો ઉત્સવ ઉજવાતા















## શ્રીસ્વામિનારાયણ સપાદ્ શતાબ્દી મહોત્સવની તસ્વીરી ઝલક

















ખૂબજ પ્રસન્તા વ્યક્ત કરી હતી. ભીમજી મુરજી ભુડિયાએ આ ઉત્સવમાં નાની-મોટી સેવા કરનાર દરેકનો હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર ઉત્સવમાં સહયોગી સંતોમાં સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી તીર્થમુનિદાસજી, સ્વામી રામનુજદાસજી, સ્વામી આનંદમુનિદાસજી, સ્વામી જનમંગલદાસજી, સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, પાર્ષદ નારાણ ભગત વગેરે સંતોએ આ ઉત્સવમાં માર્ગદર્શન આપ્યું હતું. સભાનું સંચાલન સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું. છેલ્લે સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજીના આશીર્વાદ સાથે આ મહોત્સવ સંપન્ન જાહેર કરાયો હતો.

મંત્રી શ્રીહીરજી ભુડિયા-માધાપર

# સરલી મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ








સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજીની આજ્ઞાથી સરલી મુકામે ભાઈઓ એવં બહેનો માટે નૂતન મંદિર બનાવીનો તા.૩૦/૪/૨૩ થી તા.૬/૫/૨૩ દરમિયાન પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો હતો. મૂળ મંદિર સંવત્ ૨૦૧૬ માં નિર્માણ પામેલ. જે આટલો લાંબો સમય રહેલ તેથી કાળક્રમે ખૂબજ જર્જરિત થઈ ગયેલ તેનું સંપૂર્ણ વિસર્જન કરીને પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞા અને આશિષથી સર્વે સંતમંડળના આશિષથી નવેસરથી નિર્માણ કરેલું છે. તમામ દેવ પ્રતિમાઓ નૂતન પ્રસ્થાપિત કરી છે. તા.૨૭/૨૮/૨૯ એપ્રિલ વિષ્ણુયાગ સંપન્ન થયો હતો. ૩૦ મી તારીખથી સ.ગુ.સ્વામી દેવપ્રકાશદાસજીના સંતમંડળની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો સંતો-હરિભક્તોની દિવ્ય ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્યથી શુભારંભ થયો હતો. પ.પૂ.ધ.ધૂ. આચાર્ય મહારાજશ્રીની આગમન યાત્રા તા.૪/૫/૨૩ ના શુભદિને થઈ હતી. એથી પૂર્વે તા.૨૯/૪/૨૩ ના પોથીયાત્રા સત્સંગિ ભૂષણ ગ્રંથરત્નની થઈ હતી. તા.૫/૫/૨૩ ના સવારે નગરયાત્રા વાજતે ગાજતે ભજનમંડળી સહિત થઈ હતી. તા.૫/૫/૨૩ ના પ.પૂ.ધ.ધૂ.આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે તેમજ પૂજ્ય સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગતની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી.

ઉત્સવ દરમિયાન રાત્રીના સમયે રાસોત્સવ, ભજન સંધ્યા તેમજ સાંસ્કૃતિ કાર્યક્રમો યોજાયા હતા. તેમજ પૂણ્ય લાભાર્થે ગાયોને ચારો આપવામાં આવ્યો હતો. આ સત્કાર્યમાં દાતાઓ સર્વે મુખ્ય યજમાનો કુંવરજી કરસન રાબડીયા પરિવારે લાભ લીધો હતો. તેમજ શીવજી નારાણ રાબડીયા પરિવારે લાભ લીધો હતો. સહ યજમાન તરીકે સામજી ધનજી હિરાણી તથા કરસન સામજી રાબડીયાએ લાભ લીધો હતો.

મહાપ્રસાદના દાતાશ્રી અ.નિ.સામજી જાદવા રાબડીયા, મેઘજી જાદવા રાબડીયા, પરબત સામજી રાબડીયાએ લાભ લીધો હતો.

શ્રીઘનશ્યામ જન્મોત્સવના દાતાશ્રી જાદવા સામજી હિરાણી પરિવાર રહ્યો હતો.

ગાયોને ચારો બે દાતાઓ શીવજી નારાણ રાબડીયા પરિવાર અને એક રામભરોસે લાભ પામ્યા હતા.

આ મંદિર નિર્માણનું કાર્ય નિર્વિઘ્ને મંગળમય રીતે પરિપૂર્ણ થાય તે માટે તે માટે પ.પૂ. સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, પૂજ્ય સદ્‌ગુરુ સ્વામી

હરિબળદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, ગામની બાંધકામ સમિતિ, ટ્રસ્ટી મંડળ અને પૂજ્ય કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીનાં માર્ગદર્શન હેઠળ સર્વે હરિભક્તોને એક સૂત્રે બાંધીને આ દિવ્ય ધામનું નિર્માણ પૂર્ણપણે થયું છે. આ ઉત્સવમાં ઉદારહાથે દાન આપનારા સર્વે દાતાશ્રીઓનું ભવ્ય સન્માન પૂજ્ય આચાર્ય મહારાજશ્રી એવં બ્રહ્મનિષ્ઠ સંતોના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

દેશ-વિદેશમાંથી બહોળી સંખ્યામાં સત્સંગી ભાઈઓ-બહેનોએ હાજર રહી ઉત્સવને શોભાવ્યો હતો. આ મહાન દિવ્ય અને ભવ્યાતિભવ્ય ઉત્સવ માટે સ્વામી દેવપ્રકાશદાસજી, કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ તેમજ યુવતી મંડળની અટલ શ્રદ્ધા અને સખત મહેનત તેમજ ભાવભક્તિ ભજનથી અને સર્વે ગ્રામજનોના અભૂતપૂર્વ સહકારથી આ ઉત્સવ મંગળમય રીતે પરિપૂર્ણ થયો હતો.

અહેવાલ - કલ્યાણભાઈ - મંત્રીશ્રી

## સરલી મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની તસ્વીરી ઝલક

















સરલી મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની તસ્વીરી ઝલક





# સેલારી ગામે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

ગામ સેલારી મધ્યે તારીખ :- ૨૬-૪-૨૦૨૩ થી ૩૦-૪-૨૦૨૩ પર્યંત ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. ધર્મનંદનદાસજી આદિક સંતોના આશીર્વાદ અને સ.ગુ.સ્વામી બાલકૃષ્ણદાસજી - સ.ગુ.સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ.સ્વામી હરિબળદાસજીની પ્રેરણાથી મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. આ મહોત્સવ પ્રસંગે નિષ્કુળાનંદ સ્વામી રચિત શ્રીપુરુષોત્તમપ્રકાશ પંચાહ્ન પારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. જેના વક્તાપદે પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા ડો.સ્વામી શુકમુનિદાસજીએ પોતાની આગવી શૈલીમાં કથામૃતનું રસપાન કરાવી શ્રોતાજનોને મંત્રમુગ્ધ કર્યા હતા. સંગીતજ્ઞ સ્વામી જનમંગલદાસજી, સ્વામી દર્શનપ્રકાશદાસજીએ સંગીતના સૂરોનો સાથ આપી કથાને સંગતમય બનાવી હતી. ઉત્સવ દરમિયાન શ્રીઘનશ્યામ જન્મોત્સવ, ગાદી પટાભિષેક, હાટડી ઉત્સવ, રાસોત્સવ જેવા આયોજન કરવામાં આવેલા હતા.

તા. ૨૭-૫-૨૩ ના રોજ ઘનશ્યામ મહારાજ, નરનારાયણદેવ, રાધાકૃષ્ણદેવ આદિ દેવોની પ્રાણપ્રતિષ્ઠા પ.પુ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે પુ. સ.ગ.મહંત સ્વામી, સ.ગુ.ઉપમહંત સ્વામી, પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ.સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ.સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ. સ્વામી હરબળદાસજી આદિક સંતો તથા સાંખ્યયોગી બહેનો તેમજ યજમાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવી. ત્યારબાદ સભામાં મહારાજશ્રીએ યજમાનોને આશીર્વાદ પાઠવેલ.





નૂતન મંદિર બાંધકામ સમિતિ શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, પુ.સ્વામી પરમહંસદાજી, પુ.સ્વામી નૌતમમુનિદાસજી તેમજ પુ.સ્વામી મુકુંદમુનિદાસજીએ સેવા કરેલ. પાંચેય દિવસ ધામોધામથી તેમજ શૈક્ષણિક સંસ્થાએથી સંતો પધાર્યા હતા.

તા.૨૮-૪ ના ભવ્ય ઠાકોરજીની નગરયાત્રા નીકળી હતી, તેમાં કચ્છના ઘણા ગામોમાંથી હરિભક્તો પોતાના વાજીંત્રો સાથે મંડળી આવેલી. ભોજનાલયમાં માધાપરના હરિભક્તોએ સેવા સંભાળી હતી. ઉત્સવમાં આજુબાજુના ગામમાંથી હરિભક્તો આવીને ઉત્સવની શોભા વધારી હતી.







## વાડાસર ગામે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

ભગવાન શ્રીસ્વામિનારાયણની અસીમ કૃપાથી લગભગ ૪૭ વર્ષ પહેલાં તત્કાલિન મહંત સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીની આજ્ઞાથી સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજીના હસ્તે વાડાસર ગામે શ્રીસ્વામિનારાયણ મંદિરનું નિર્માણ થયું. ત્યારથી સેવા-ભક્તિના સિદ્ધાંતને વરેલા આ મંદિરમાં તા.૪/૫/૨૦૨૩ થી તા.૬/૫/૨૦૨૩ દરમિયાન વિષ્ણુયાગનું આયોજન થયેલ. તા.૬/૫/૨૦૨૩ ના બપોર પછીના ૪ વાગ્યાના સમયે સંતો સદ્‌ગુરુ મહંત પુ.સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી નારાયણવલ્લભદાસજી, સદ્‌ગુરુ સ્વામી અક્ષરવલ્લભદાસજી, સદ્‌ગુરુ સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી આદીની પ્રેરક ઉપસ્થિતિમાં ‘સત્સંગિભૂષણ’ની પોથીયાત્રા યોજવામાં આવી. જે મંદિરથી સભામંડપ સુધી હરિકીર્તન કરતા કરતા પહોંચી. તા.૭/૫/૨૦૨૩ નાં રોજ મહંત સ્વામી તથા ઉપમહંત સ્વામી, મુખ્ય યજમાન તથા દાતાશ્રીઓના વરદ્‌ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને પુ.સ્વામી આનંદવલ્લભદાસજી, પુ.સ્વામી ઘનશ્યામદાસજી, પુ.સ્વામી નારાયણપ્રિયદાસજી, પુ.સ્વામી મોરલીમનોહરદાસજીના શ્રીમુખે દરરોજ કથાનું રસપાન ક્રમશ ભક્તોને કરાવ્યું હતું. સભા સંચાલક પુ.સ્વામી ધર્મચરણદાસજી કર્યું હતું. સતત સાત દિવસ સુધી ભવ્યાતિભવ્ય અને દિવ્ય વાતાવરણમાં સર્વે હરિભક્તો જ્ઞાનગંગામાં પાવન થયા. દરરોજ રાત્રીના સમયે સાંસ્કૃતિક કાર્યક્રમો તથા રાસોત્સવ યોજાયા હતા.

તા.૧૧/૫/૨૦૨૩ ના પ.પૂ.ધ.ધૂ. આચાર્ય મહારાજ શ્રીકૌશલેન્દ્રપ્રસાદજીનું દિવ્ય આગમન થયું હતું.

તા.૧૨/૫/૨૦૨૩ ના રોજ શ્રીઠાકોરજીની નગરયાત્રા આજ રોજ નીકળી હતી. જેમાં ભુજ ચોવિસીનાં મંડળીના ભક્તો જોડાયા હતા. પ.પૂ.મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં પૂ.આચાર્ય મહારાજશ્રી દ્વારા બંને મંદિરોમાં મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

આ ભવ્યાતિભવ્ય અને દિવ્ય મહોત્સવના દાતા અ.નિ. રવજી હરજી રાબડીયા હસ્તે ગં.સ્વ.લક્ષ્મીબેન રવજી પોતે એમના જમાઈ ધીરજભાઈ આદિ સહપરિવાર રહ્યા હતા. ભગવાન શ્રીસ્વામિનારાયણ તેમના પર અખંડ ધનવર્ષા કરે, સત્ વિચારો અર્પે એવાં આશિષ સર્વે સંતો, હરિભક્તોએ આપ્યા હતા.

મહોત્સવ દરમિયાન દશ દિવસ ગાયોને લીલો ચારો દાતા તરફથી આપવામાં આવ્યો હતો. આ સત્કાર્ય મહોત્સવ પુ. દેવપ્રકાશદાસજી સ્વામીનાં મંડળની આજ્ઞા અને તેમનાં આશિષથી પરિપૂર્ણ થયું હતું.

મંદિરનું બાંધકામ સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી, સ.ગુ.સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, પુ.સ્વામી દિવ્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયેલ છે. વાડાસર બાંધકામ સમિતિની રાહબરીમાં સત્કાર્ય સંપન્ન થયેલ છે.

ઉત્સવ દરમિયાન આવનાર ભક્તો માટે શેરડીનો રસ અને તરબૂચની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

અહેવાલ - ભીખાભાઈ

**વાડાસર ગામે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તસ્વીરી ઝલક**

















વાડાસર ગામે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તસ્વીરી ઝલક
















વાડાસર ગામે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તસ્વીરી ઝલક





# આડેસર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

કચ્છના છેવાડાનું ગામ રાપર તાલુકામાં આડેસર ગામે ભુજ મંદિરના તાબાનું શ્રીસ્વામિનારાયણ મંદિરનું નવનિર્માણ થયું છે. આ મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ તા.૨૨ થી ૨૪ મે ૨૦૨૩ દરમિયાન ત્રિદીવસીય શ્રીમદ્ભાગવત કથા પારાયણ સાથે સંપન્ન થયો.

તા.૨૨ ના સવારે ગામના રામ મંદિરેથી પોથીયાત્રા વાજતે ગાજતે સભામંડપમાં પધારી હતી. મંદિરનું નવનિર્માણ કરાવનાર સદ્ગુરુ સ્વામી પુ.બાલકૃષ્ણદાસજી અને દાતા પરિવાર દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. પુ.સ્વામી રાઘવમુનિ દાસજીએ વ્યાસાસને બિરાજી સંગીત સાથે કથા રસપાન કરાવ્યું હતું. બપોર પછી કથામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. સાથે ગામના યુવાનો બાળકો દ્વારા મટકીફોડ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. તા.૨૩.૫ ના રોજ કચ્છ ભુજ ચોવિસીના ગામોમાંથી મંડળીવાળા ભક્તો દ્વારા આડેસર ગામમાં ભવ્ય શ્રીઠાકોરજીની નગરયાત્રા ફરી હતી. ગામના મુખ્ય માર્ગેથી પસાર થઇ નૂતન મંદિરે પધાર્યા હતા. આ તરફ વહેલી સવારે મૂર્તિઓના યજમાનો પવિત્ર ભૂદેવો દ્વારા હવન કરવામાં આવ્યો હતો. અને આજના દિવસે અમદાવાદ દેશના આચાર્ય પૂ.૧૦૦૮ શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ પધાર્યા હતા. ભુજ મંદિરથી સદ્ગુરુ મહંત પુ.સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્ગુરુ પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્ગુરુ સ્વામી મુકુંદજીવન દાસજી, સદ્ગુરુ સ્વામી હરિબળદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં પૂજ્ય આચાર્ય મહારાજશ્રી દ્વારા વિધિવિધાન પૂર્વક નૂતન મંદિરમાં નૂતન મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા ધામધૂમથી કરવામાં આવી હતી. પ્રતિષ્ઠાની આરતી બાદ શ્રીહરિયાગનું શ્રીફળ હોમી પૂ.આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામી સભામંડપમાં પધાર્યા હતા.



બપોરે મહિલામંચનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજા દિવસે રાત્રે રાસોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બહેનો વિભાગમાં બહેનો અને પુરુષ વિભાગમાં પુરુષો મર્યાદાપૂર્વક રાસોત્સવ થયો હતો. છેલ્લે દિવસે બપોરે ૧૨ વાગ્યે આ પ્રતિષ્ઠા મહોત્સવ સમાપન કરવામાં આવ્યો હતો.

આ મંદિરનું બાંધકામ સંભાળનાર શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી નૌતમમુનિદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી તથા સ્વામી મુકુંદમુનિદાસજી આ ચાર સંતોને પૂ.આચાર્ય મહારાજશ્રી અને મહંત સ્વામીએ પુષ્પમાળા સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.

આજના વક્તા ડો. સ્વામી અક્ષરમુનિદાસજીએ ભાગવતની કથા સંભળાવી હતી અને કથા બાદ મહંત સ્વામી, જાદવજી ભગત, શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી અને આચાર્ય મહારાજશ્રી ગામ-પરગામથી આવેલ હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા.

મુખ્ય દાતાઓને ગામવતી પહેરામણી કરવામાં આવી હતી. પૂ.મહંત સ્વામીએ ગામના ભક્તોને જીવનમાં વ્યસન હોય તો વ્યસનથી મુક્ત થઈ આ મંદિરનું સેવન કરજો. દરરોજ સાંજ-સવારે મંદિરે આવજો એવી ભલામણ પૂ.આચાર્ય મહારાજશ્રીએ કરી હતી. અને વાગડમાં અમે શિયાળાના દિવસોમાં આવશું અને સત્સંગ કરીશું આવી વાતથી વાગડના ભક્તોને ખૂબજ આનંદિત કર્યા હતા.

પૂ.સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીએ ગામે ગામથી તમારા કામકાજ આઘાપાછા કરી આ પ્રસંગે પધાર્યા છો તો મહારાજ આપણા ઉપર ખૂબજ રાજી થાય. આવતા અન્ય પ્રસંગોમાં પણ પધારો એવી ભલામણ કરી હતી. અને દાતાઓને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બપોરપછીની કથામાં ગોવર્ધન મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. પહેલા દિવસે

ગામના ભક્તોએ આવેલ પૂ.આચાર્ય મહારાજશ્રી અને સંતો, ભક્તો, સાંખ્યયોગી બહેનો, ભુજ ચોવિસી ગામમાંથી તેમજ રાપર, સેલારી ગામના સાંખ્યયોગી બહેનો પધારી આ ગામના બહેનોને ખૂબજ સત્સંગનો લાભ આપ્યો. એ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. પુનઃ પુનઃ સંતો, સાંખ્યયોગી બહેનો અમારા ગામમાં પધારજો એવી પ્રાર્થના કરી હતી.

સંચાલન સ્વામી અક્ષરપ્રિયદાસજી અને સ્વામી રામાનુજદાસજીએ સંભાળ્યું હતું. સંગીતમાં સહયોગ સ્વામી જનમંગલદાસજીએ આપ્યો હતો. અને અન્ય વ્યવસ્થા સ્વામી સર્વમંગલદાસજી, સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, સ્વામી તીર્થમુનિદાસજી, સ્વામી આનંદમુનિદાસજી, સ્વામી વિવેકમુનિદાસજી, સ્વામી માધવચરણદાસજી આદિ સંતોએ સંભાળી હતી.

અહેવાલ - સ્વામી રામનુજદાસજી

# આડેસર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની તસ્વીરી ઝલક




















# આડેસર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની તસ્વીરી ઝલક





## શીવગઢ(વાગડ) નૂતન મંદિરનું ખાતમુહૂર્ત

શીવગઢ(વાગડ) નૂતન મંદિરનું ખાતમુહૂર્ત ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞાથી શીવગઢ ગામે ભુજ શ્રીનરનારાયણદેવ તાબાનું નૂતન શ્રીસ્વામિનારાયણ મંદિરનું સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીની પ્રેરણાથી ભુજ મંદિરના ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં વેદોક્તવિધિથી ખાતમુહૂર્ત દિનાંક ૨૯–૫–૨૦૨૩ ના કરવામાં આવ્યું. ખાતમુહૂર્તના યજમાન પ.ભ.રણછોડભાઇ દલા પુણિયા–વ્રજવણી તથા દાતાશ્રી પ.ભ.લાલજીભાઇ પિંડોરીયા–માંડવી કેરુગોયા હાજર રહ્યા હતા. ગામના ભક્તોનો ઉત્સાહ જોઇ સંતો રાજી થયા હતા. જલ્દીથી મંદિરનું કાર્ય શરૂ થાય અને વહેલી તકે પૂર્ણ થાય એ આશા સેવી રહ્યા છે.

અહેવાલ – સ્વામી નૌતમમુનિદાસજી

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| | |
|---|---|
| ૧૧૦૦૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર, માધાપર સપાદ્ શતાબ્દી મહોત્સવ નિમિત્તે |
| ૫૦૦ | વિશ્રામ કરસન હાલાઇ, પ્રેમબાઇ વિશ્રામ હાલાઇ, ભાગવત સપ્તાહ નિમિત્તે - મીરજાપર |
| ૭૫૩ | રામજી વાલજી જેશાણી, શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા |
| ૫૫૫ | સાંખ્યયોગી કાનબાઇ , ૨૦૦ કલાક ધૂન પૂર્ણ થઇ તે નિમિત્તે - કુન્દનપુર |
| ૨૫૦ | એક હરિભગત તરફથી નવી ગાડી લીધી તે નિમિત્તે - બળદિયા |
| ૫૦૦ | ક્રીશ ભરત મેપાણી, રેયાન ભરત મેપાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - લંડન |
| ૨૦૦ | રાજન હરિરામ ચૌહાણ પૌત્ર વિક્રાંતના જન્મ દિવસ નિમિત્તે - પૂના |
| ૨૦૦ | રાજન હરિરામ ચૌહાણ દિકરી હર્ષાલીના જન્મ દિવસ નિમિત્તે - પૂના |
| ૨૦૦ | રાજન હરિરામ ચૌહાણ પૌત્રી આર્યાના જન્મ દિવસ નિમિત્તે - પૂના |
| ૫૦૧ | દિનેશ કેસરા ખેતાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - સુખપર |
| ૨૦૦ | ઉષાબેન લાભશંકર પંડ્યા જન્મ દિવસ નિમિત્તે - નારાણપર |
| ૫૦૦ | હિરેન રતીલાલ દરજી શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે - ભુજ |
| ૨૧૧ | જશુબેન કાનજી પિંડોરીયા શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે - માધાપર |
| ૨૦૦ | ઉદ્ધવ ઘનશ્યામભાઇ જન્મદિવસ નિમિત્તે - કુરાલ |
| ૨૫૧ | અ.નિ.જયેશ લાલજી વરસાણી હ-શાંતાબેન, શ્રીસ્વામિનારાયણ મંદિર માધાપર ૧૨૫ વર્ષ પૂરા થયા તે નિમિત્તે |

Shree Swaminarayan Dharmasandesh
RNI No. : GUJ/GUJ/2001/5643 Postal Regd. No. GKCH-158/2021-2023
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2023/UPTO 31-12-2023

# માંડવી શ્રીસ્વામિનારાયણ મંદિરમાં ૨૦૨૩ માં થયેલી સત્સંગની કથા પ્રવૃત્તિઓ

૧. માંડવી સ્વામિનારાયણ મંદિરના સ.ગુ.મહંત. સ્વામી દેવકૃષ્ણદાસજી તથા સ.ગુ. પુરાણી સ્વામી શ્રીહરિદાસજીના આશીર્વાદથી તથા કોઠારી સંતોના માર્ગદર્શક હેઠળ ગત દિવાળી પછીના સમયમાં વાડી વિસ્તારમાં તથા માંડવી મંદિરમાં યજમાનશ્રીઓ દ્વારા સંપ્રદાયના અનેક ગ્રંથોની નાની મોટી કથા-પારાયણો. મંડળના વિવિધ નવયુવાનો વિદ્વાન સંતોના મુખેથી શ્રવણ કરાવાયેલી ૩૮ (આડત્રીસ) પારપાયણો સંગીતના સથવારે કરવામાં આવી. ઉપરોક્ત પ્રસંગોમાં ઠાકોરજી આગળ સાથીયા પુરાયા. મંડળો ભરાયા અને હોમાત્મક ઘી-જવ-તલની યજ્ઞ નારાયણને આહુતિઓ આપવામાં આવી.

૨. માંડવી નિવાસી શ્રીવૃન્દાવનવિહારી હરિકૃષ્ણમહારાજ તેમજ શ્રીઘનશ્યામ મહારાજનો વાર્ષિક પાટોત્સવ અભિષેક અન્નકૂટથી ઉજવવામાં આવ્યા હતા. એવમ્ વૃન્દાવનવિહારી મહારાજને ચંદનના જુદી જુદી ભાતના શણગારો તથા શ્રીઘનશ્યામ મહારાજને ડોલરીયા હજારી તથા ચંપા વગેરેના પુષ્પોના વિવિધ શણગારો એક મહિના સુધી પૂજારી સંતોએ પ્રેમભાવથી સેવા કરી ઠાકોરજીની પ્રસન્નતા મેળવી રાજી કર્યા. ઉપરોક્ત પુષ્પો વગેરે તૈયાર કરવામાં ગામ રામપર, માંડવી મંદિરના સાંખ્યયોગી બહેનોએ દરરોજ ફૂલના વાઘા બનાવવામાં ખૂબજ સેવા કરી રાજીપો મેળવી ભાગ્યશાળી બન્યાં હતાં. ઉપરોક્ત પ્રસંગમાં દાનવીર ભક્તોને યજમાનપદે રહેવાનો સહયોગ સાંપડ્યો હતો.

અહેવાલ - શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી

